# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ પડધરી

## મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મ જયંતિની ઉજવણી અંતર્ગત

### “નિબંધસ્પર્ધા અને ભજનસંધ્યા”

તા. ૦૨/૧૦/ ૨૦૨૦

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ પડધરી દ્વારા તારીખ ૨ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મ જયંતિની ઉજવણી અંતર્ગત “નિબંધસ્પર્ધા અને ભજનસંધ્યા ”નું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીજીના વિચારોને લોકો સુધી પહોચાડવા અને લોકજાગૃતિના ઉદેશ્યથી રાખવામાં આવેલ નિબંધસ્પર્ધામાં કોલેજના ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો આ નિબધોનું મૂલ્યાંકન ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા. કૌશિકભાઇ પંડ્યા દ્વારા કરવામાં આવ્યુ હતું.

૨ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત સાંજે ૫ વાગ્યે માઇક્રોસોફ્ટ ટીમના સોફ્ટવેર પર ઓનલાઇન ભજનસંધ્યા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમની શરુઆત ગણેશસ્તુતિથી કરવામાં આવી ત્યારબાદ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ હતું અને ભજનસંધ્યાનો દોર આગળ વધારતા એક પછી એક છ વિદ્યાર્થીઓએ સુમધુર સ્વરમાં ભજન રજુ કર્યા હતા.

ભજન બાદ કોલેજના આચાર્યશ્રી ડૉ.એન.એસ.ઠાકર દ્વારા વિદ્યાર્થીઓને પ્રાસંગિક સંબોધન આપી અને વિદ્યાર્થીઓને પ્રેરણા પુરી પાડી ત્યારબાદ આચાર્યશ્રી દ્વારા નિબંધસ્પર્ધાના વિજેતાઓના ના મ જાહેર કરવામાં આવ્યા હતા. જેમા પ્રથમ નંબર પર ગોહેલ સંધ્યા પંકજભાઇ , દ્વિતિય નંબર પર રાઠોડ સુજાતા ભગવાનજીભાઇ અને તૃતિય નંબર ચનિયારા રાજેશ હરેશભાઇ એ સ્થાન મેળવ્યુ હતું.

કાર્યક્રમના અંતમાં ભજનસંધ્યાના નિર્ણાયક એન.સી.સી.(આર્મી) કો-ઓડીનેટર ડૉ.સંદીપકુમાર વી.વાળા દ્વારા ભજનસંધ્યામાં વિજેતા બનેલા વિધાર્થીઓના નામ જાહેર કર્યા હતા. જેમા પ્રથમ નંબર પર ગોહેલ હેમાલી જીતેંદ્રભાઇ , દ્વિતિય નંબર પર ગડારા કિંજલ દીનેશભાઇ અને તૃતિય નંબર પર પરમાર હાર્દિક બહાદુરભાઇએ સ્થાન મેળવ્યુ હતું. ત્યારબાદ એન.સી.સી.(આર્મી) કો-ઓડીનેટર ડૉ.સંદીપકુમાર વી.વાળા દ્વારા કાર્યક્રમની આભારવિધિ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા. કૌશિકભાઇ પંડ્યા દ્વારા કરવામાં આવ્યુ હતું.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.ધર્મેશ પરમાર દ્વારા આચાર્યશ્રી સાથે સંકલન કરી અને આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજનો સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓનો ખૂબ જ સહકાર પ્રાપ્ત થયો હતો.

# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ પડધરી

મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મ જયંતિની ઉજવણી અંતર્ગત

"નિબંધસ્પર્ધા અને ભજનસંધ્યા"

તા. ૦૨/૧૦/૨૦૨૦










